દાખલ તારીખ :૫–૧૨–૦૬
નોંધણી તારીખ :૫–૧૨–૦૬
ફેસલ તારીખ :૦૮–૦૫–૧૮
સમયગાળો :વર્ષ– માસ–દિવસ
૧૧–૫–૦૩

મે.મુખ્ય સીની.સિવિલ જજ (શ્રી આર.ડી.પાંડે) સાહેબની કોર્ટમાં,
મુ.વિસનગર.

**<u>સ્પે.સિવિલ સ્યુટ નંબર ૧૮/૧૫</u>**
**<u>આંક :૧૧૩</u>**

**<u>વાદી :–</u>**

શર્મા મુકેશકુમાર કાશીરામ,
ઉ.વ.આ.૩૫, ધંધો–વેપાર,
રહે.૨૫,ચંદનપાર્ક સોસાયટી,
વિસનગર રોડ, મુ.ઉંઝા.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>પ્રતિવાદી :–</u>**

(૧) મેનેજરશ્રી,
ઈકોનોમીક ટ્રાન્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન,
ઠે.અંતરવાલા બિલ્ડીગ,સીટી મિલ કમ્પાઉડની સામે,
કાંકરીયા રોડ, અમદાવાદ.

(૨) પુનીયા બલવીરસીગ હરભજનરામ,
કેર ઓફ :– ઈકોનોમીક ટ્રાન્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન,
ઠે.અંતરવાલા બિલ્ડીગ,સીટી મિલ કમ્પાઉડની સામે,
કાંકરીયા રોડ, અમદાવાદ.

**બાબતઃ– <u>દાવો રૂા.૧૪,૮૯,૯૫૦/– ના આંકથી નુકશાન વળતર મેળવવા માટેનો દાવો</u>**

**<u>વાદી તરફે વિધ્વાન વકીલશ્રી આઈ.એમ.પટેલ</u>**
**<u>પ્રતિવાદી તરફે વિદવાન વકીલશ્રી આર.એસ.યાજ્ઞિક</u>**

## // ઠરાવ //

(૧)  આ કામના વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના વાદી ફેબ્રુઆરી ૧૯૯૧ થી જુન ૧૯૯૫ દરમ્યાન સદર કામના પ્રતિવાદી નંબર ૧ ની ઉંઝા મુકામે પાણીની ટાંકી પાસે આવેલ શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે તેમની ફરજ બજાવતા હતા અને તેઓને માસિક રૂા.૧૮૫૦/– પગાર ચુકવવામાં આવતો હતો. વધુમાં વાદીના કહેવા મુજબ તેઓ પોતાની ફરજ પ્રમાણીકતાથી તથા ઈમાનદારીથી અને નિયમીત રીતે બજાવતા હતા તેમ છતાં આ કામના પ્રતિ વાદી નંબર ૧ નાએ તેઓની સાથે ઈરાદા પુર્વક અગમ્ય કારણોસર વાદી ઉપર દ્વેષભાવ રાખીને યેન કેન પ્રકારે હેરાન પરેશાન કરી ખોટી રીતે પજવતી કરી, માનસિક ત્રાસ આપતા હતા અને તે કારણે તા.૪–૪–૧૯૯૫ ના રોજના પત્રથી તેઓની બદલી તાત્કાલીક અસરથી ઉંઝા ઓફીસમાંથી કરીને અમદાવાદની ઓફીસમાં કરવામાં આવેલ અને સદર ઓફીસનો ચાર્જ જે તે વખતે પ્રતિવાદી નંબર ૧ ની કંપનીના કર્મચારી પુનીયા બલવીરસીંગ હરભજનરામ,પ્રતિ વાદી નંબર ૨ નાને સોપવાનો હુકમ કરેલો અને પ્રતિવાદી નંબર ૨ ને બ્રાન્ચ મેનેજર તરીકે તેઓની જગ્યાએ મુકેલા.

(૨)  વાદીની બદલી અમદાવાદ શાખામાં કરવામાં આવતા વાદી તેઓની ફરજ ઉપર હાજર થવા સારુ અમદાવાદ મુકામે ગયેલા તો પ્રતિવાદી નંબર ૧ નાએ યેન કેન પ્રકારે બહાના કાઢીને તેઓને તેમની ફરજ ઉપર હાજર થવા દીધેલા નહી અને તેઓને હાજર થતા અટકાવેલા. ત્યારબાદ પણ સદરના પ્રતિવાદી નંબર ૧ નાએ તેઓની વિરુધ્ધ કીન્નાખોરીથી તેઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે અને ખોટા ખર્ચમાં ઉતારવાના બદ ઈરાદાથી વાદીની વિરુધ્ધમાં ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૪૦૮,૪૬૮ મુજબની ખોટી ફરિયાદ પ્રતિવાદી નંબર ૨ મારફતે ઉંઝા કોર્ટમાં તા.૧૫–૯–૯૫ ના રોજ દાખલ કરાવેલ અને ફરિયાદમાં નવેમ્બર–૧૯૯૪ થી જુન–૧૯૯૫ ના સમય ગાળા દરમ્યાન વાદીએ પ્રતિવાદી નંબર ૧ કંપનીમાંથી બ્રોકરે લખેલ ગ્રાહક સ્લીપમાં ભાવ કરતા ઉંચા ભાવની સારી ચલણ લખી તેમજ વધારાના ભાવ ભરીને વધારાની રકમ બ્રોકર પાસેથી રૂા.૧,૧૭,૦૦૦/– જેટલી રકમ સ્વિકારી ખોટા વાઉચર બનાવી, ખોટા દસ્તાવેજ અને ચલણ બનાવી છેતરપીડી કરવાના ઈરાદાથી સદર રકમની ઉચાપત કરેલ હોવાથી ફરિયાદ દાખલ કરાવેલ જે ફરિયાદ બાબતે ચીફ કેસ નંબર ૧૪૩/૧૯૯૯ નો મહેસાણાના જયુડી.મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં ચાલી જતા તા.૧૮–૨–૨૦૦૬ ના રોજના હુકમથી વાદીને ઉપરોકત ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

(૩) વધુમાં વાદીએ જણાવેલ છે કે, ઉપરોકત ચીફ કેસના કામે મુળ ફરિયાદી એટલે કે આ કામના પ્રતિવાદી ને કોર્ટ મારફતે સાહેદ સમન્સ મોકલવામા આવેલ જે સમન્સ સદરના પ્રતિ વાદી નંબર ર દર્શાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત આવેલા છે અને રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ ટ્રાન્સપોર્ટની ઓફીસમાં તપાસ ખાતરી કરતા પ્રતિવાદી નંબર ર મળી આવેલ નહી તેમજ તેઓને નામદાર કોર્ટમાં હાજર રાખેલ નહી કે હાજર થવા દીધેલ નહી. આ ઉપરાંત અન્ય સાહેદો તપાસેલા તેમાં પણ તેવો કોઈ પુરાવો રજુ થવા પામેલ નહી કે આ કામના વાદીએ ઉચાપત કરેલી છે. આમ આ કામના પ્રતિવાદી નંબર ૧ નાએ વાદીની ઈજ્જત અને આબરુની પ્રતિષ્ઠાને હાની પહોચાડેલ છે અને કાગળ ઉપર દેખાવ ખાતર બદલી અમદાવાદ કરી તેઓને અમદાવાદની ઓફીસે હાજર થવા દીધેલ નથી અને તેમને હેરાન કરેલ છે અને તેમના પગારની રકમ, બોનસ તથા અન્ય મળવા પાત્ર ભથ્થાની રકમ નહી આપીને તેઓને નુકશાન પહોચાડેલ છે. અને તેઓના વિરુધ્ધ ફરિયાદ દાખલ કરવાના કારણે તેઓની આબરુને નુકશાન પહોચેલ છે અને વકીલ ફીનો ખર્ચ થયેલ છે, માનસિક ત્રાસ પહોચેલ છે તે તમામ માટે નુકશાન વળતરની રકમ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરીને દાવા અરજીના પેરા–૭ માં દર્શાવેલ તપસીલ મુજબ રુા.૨,૫૧,૬૦૦/– જુલાઈ–૧૯૯૫ થી ઓકટોબર–૨૦૦૬ સુધીના માસિક રુા.૧૮૫૦/– લેખે કુલ–૧૩૬ માસના પગારની રકમ, રુા.૨૦,૩૫૦/– બોનસની રકમ, રુપિયા ૬૮,૫૦૦/– એચ.આર.એ.ની રકમ, રુા.૧,૫૦,૦૦૦/– ચીફ કોર્ટના કેસ નં.૪૩/૯૯ ના કામે થયેલ ખર્ચની રકમ,રુા.૫,૦૦,૦૦૦/– માનસિક ત્રાસ અંગેના વળતરની રકમ તથા રુપિયા ૫,૦૦,૦૦૦/– માનહાની અંગેના વળતરની રકમ મળીને કુલ રુા.૧૪,૮૯,૯૫૦/– ની રકમ મેળવવા માંગણી કરેલી છે અને સદર નુકશાની વળતરની રકમ ચુકવવાની જવાબદારી આ કામના પ્રતિવાદીઓની વ્યકિતગત તેમજ સંયુકત છે તેવું ઠરાવી આપી પ્રતિવાદીઓની જાત વ હરેક મિલકતમાંથી વસુલ અપાવવાનો હુકમ કરવા તેમજ આ દાવાનો ખર્ચ અપાવવા વિનંતી કરેલી છે.

(૪) આ અદાલતમાં દાવો દાખલ થતાં સદરહું દાવાનો સમન્સ પ્રતિવાદીને મોકલતા અને તેની બજવણી કરતાં પ્રતિવાદી નંબર ૧ નાઓ તેમના વકીલશ્રી ધ્વારા હાજર થયેલા છે અને આંક ૧૫ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો લેખિત જવાબ રજુ કરી, વાદીના દાવાની હકીકતનો ઈન્કાર કરી,વાદીએ સત્ય હકીકત છુપાવીને પ્રતિવાદીને હેરાન

પરેશાન કરવાના હેતુથી આ ખોટો દાવો દાખલ કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં વાદી તેઓની કંપનીમાં નોકરી કરતા હોવા બાબતે કોઈ તકરાર નહી હોવાનું જણાવી ફેબ્રુઆરી–૧૯૯૧ થી જુન–૧૯૯૫ સુધી તેઓની કંપનીમાં નોકરી કરતા હોવાનું જણાવી માસિક રુા.૧૮૫૦/– પગાર હોવાનું પણ જણાવેલ છે પરંતુ આ પગાર એચ.આર.એ.સહીતનો હોવાનું જણાવેલ છે. વધુમાં તેમ પણ જણાવેલ છે કે, આ કામના વાદી કંપનીને નુકશાન થાય તે રીતે તેઓ પોતાનો ખાનગી ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હતા અને વાદી ધ્વારા કંપનીમાંથી રુા.૧,૧૭,૦૦૦/– ની ઉચાપત કરેલ હોવાનું ધ્યાનમાં આવતા તે બાબતે ફરિયાદ નંબર ૪૪/૧૯૯૫ ની ઉંઝા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલ અને વાદી પ્રતિવાદી નંબર ૧ ની કંપનીના રેકર્ડ સાથે ચેડા કરે નહી અને ધંધાને નુકશાન પહોચાડે નહી અને વાદી નોકરી કરતા હોવા છતાં તેની સાથે સાથે ખાનગીમાં તેઓનો પોતાનો ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોવાથી તેઓને કંપનીની વહીવટી ઓફીસે તાત્કાલીક અસરથી અમાદાવાદ મુકામે બદલી કરવામાં આવેલી અને વાદી યુ.પી.ગુજરાત રોડવેઝના નામથી ધંધો કરતા હતા અને હાલમાં પણ પોતાનો ધંધો ચાલુ છે અને તે કારણે તેઓ પોતાની ફરજ ઉપર હાજર થવા માટે અમદાવાદ મુકામે આવેલા જ નહી હોવા છતાં ખોટી હકીકત જણાવેલ છે. વાદી ધ્વારા ખોટા ચલણ અને વાઉચર બનાવીને ઉચાપત કરીને રુા.૧,૧૭,૦૦૦/– ની રકમ લઈ લીધેલ છે અને તે બાબતે દસ્તાવેજી પુરાવા હોવાથી વાદીની વિરુઘ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે. આ ઉપરાંત સદર કેસના કામે સાહેદ છોટેલાલ શંભુસિંગ રાજપુત મહત્વના સાહેદ હતા પરંતુ તેઓ વાદીની સાથે ટ્રાન્સપોર્ટના ધંધામાં અંગત રીતે સંકળાયેલા હતા અને હાલમાં પણ વાદીની સાથે ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે જેના કારણે તે સાહેદે ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળે તે પ્રકારેનો પુરાવો આપેલ નહી હોવાથી પુરાવાના અભાવે આ કામના વાદી તે કેસમાંથી છુટી ગયેલ છે. ફરિયાદી મળી આવેલ નહી હોવાથી તેઓને આ કામે તપાસી શકાયેલ નથી તે હકીકતને ધ્યાનમાં લેતા વાદીને ફરિયાદ પક્ષની નબળાઈઓનો લાભ મળેલ છે. વાદીની માંગણી મુજબની કોઈ રકમ વાદીને ચુકવવાની બાકી રહેતી નથી અને વાદી તેવી કોઈ રકમ મેળવવા હકકદાર નથી તેમ જણાવી વાદીનો દાવો ખર્ચ સહ રદ કરવા માંગણી કરી છે.

(૫) આ કામે પ્રતિવાદી નંબર ૧ તરફથી કાઉન્ટર કલેઈમ કરી વિશેષમાં જણાવેલ છે કે, વાદીની ગેર વર્તણુંક, અણઘડ વહીવટ, અપ્રમાણિકતા, ઉચાપતના કારણે અને એક જ પ્રકારનો સરખો ટ્રાન્સપોર્ટનો ધંધો વાદી નોકરી કરતા હોવા છતાં ખાનગીમાં કરતા હોવાના

કારણે પ્રતિવાદી નંબર ૧ ને ખુબ ભારે નુકશાન થવા પામેલ છે તેમ જણાવીને પ્રતિવાદી નંબર ૧ ને કુલ રૂા.૧,૧૭,૦૦૦/– નું નુકશાન થવા પામેલ છે જે રકમ આ કામના પ્રતિવાદી એપ્રિલ– ૧૯૯૫ થી સદર રકમ વસુલ થતા સુધી ૧૨% ના ચડતા વ્યાજે ચુકવી આપે તેવો હુકમ વાદી વિરુધ્ધ કરવા માટે માંગણી કરેલી છે અને અન્ય યોગ્ય લાગે તેવી તમામ દાદ અપાવવા વિનંતી કરેલી છે.

(૬) પ્રતિવાદી નંબર ૧ના કાઉન્ટર કલેઈમનો વાદી તરફથી આંક ૨૧ ની જવાબ આપવામાં આવેલ છે. જેમાં વાદીએ પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમના મથાળા હેઠળ જણાવેલ હકીકતનો ઈન્કાર કરી, પ્રતિવાદી નંબર ૧નાએ જણાવ્યા મુજબની રૂા.૧,૧૭,૦૦૦/– નું નુકશાન થયેલ હોવાની હકીકત અને એપ્રિલ–૧૯૯૫ થી વસુલ થતા સુધીના ૧૨% ના વ્યાજ સહીત વસુલ મેળવવા પ્રતિવાદી નંબર ૧ હકકદાર હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને પ્રતિ વાદી નંબર ૧ ધ્વારા નવેમ્બર ૧૯૯૪ થી જુન ૧૯૯૫ ના સમય ગાળામાં વાદીએ આવી રકમની ઉચાપત કરેલ હોવા બાબતે આક્ષેપ કરી ઉંઝા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૪૦૮ તથા ૪૬૮ મુજબની ફરિયાદ આપેલી છે જેનો ચીફ કેસ નંબર ૪૩/૯૯ નો મહેસાણા મુકામે ચાલી જતા વાદીને તા.૧૮–૨–૦૬ ના રોજ નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે અને તે કેસના કામે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લેતા વાદીએ સદર રકમની ઉચાપત કરેલી હોય કે ગોલમાલ કરેલ હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા અસલ રજુ કરવામા આવેલ નથી આ સંજોગોમાં વાદીને છોડી મુકેલ છે અને તે હુકમને પ્રતિવાદી નંબર ૧ નાએ આજ સુધી એપેલેટ કોર્ટમાં ચેલન્જ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી નંબર ૧ નાએ આજદીન સુધી ઉપરોકત રકમ રુા.૧,૧૭,૦૦૦/– અંગે વાદીને કોઈ કાયદાકીય નોટીસ આપેલી નથી કે દાવો પણ દાખલ કરેલ નથી અને નવેમ્બર–૯૪ થી જુન–૯૫ સુધીના સમય ગાળા દરમ્યાન વાદી પાસે કહેવાતી લેણી રકમ નીકળતી હોવા બાબતે તેઓ વિરુધ્ધ કરેલ આક્ષેપો ખોટા સાબીત થયેલ છે અને તેઓને ફોજદારી કેસમાં છોડી મુકવામાં આવેલ છે તેમજ દિવાની દાવો દાખલ કરવાની જે તે કાયદાકીય સમય મર્યાદા જે તે સમયે વીતી ગયેલ હોઈ અને વાદીએ સદર પ્રતિવાદીઓ વિરુધ્ધ રુા.૧૫ લાખનું નુકશાન વળતર મેળવવા માટે હાલનો દાવો દાખલ કરેલ હોઈ તે દાવાના કામે વાદી ઉપર દબાણ લાવવા માટે પ્રતિવાદીએ રુા.૧,૧૭,૦૦૦/– ની રકમ વળતર તરીકે મેળવવા કાઉન્ટર કલેઈમની અરજી દાખલ કરેલી છે જે ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે તેમ જણાવી પ્રતિવાદી નંબર ૧ ની કાઉન્ટર કલેઈમની અરજી ખર્ચ સહ રદ કરવા વિનંતી કરેલી છે.

(૭)　　　ત્યારબાદ આ અદાલતે આંક ૩૮ થી મુદ્દાઓ તા.૪–૨–૧૩ ના રોજ કાઢેલા છે.ત્યારબાદ આ કામે વાદી તરફે કામ પુરાવા માટે મુલત્વી રહેતાં વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**મૌખિક પુરાવો**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી શર્મા મુકેશકુમાર કાશીરામની જુબાની | ૪૯ |
| ૨ | | |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઉંઝા પોલીસ સ્ટેશન એમ.કેસ નંબર ૪૪/૯૫ ની ફરિયાદની ખરી નકલ | ૬૨ |
| ૨ | ચીફ કેસ નંબર ૪૩/૯૯ ના ઠરાવની ખરી નકલ | ૬૩ |
| ૩ | શંભુદયાલસીંગ કનૈયાલાલ અગ્રવાલની જુબાનીની ખરી નકલ | ૬૪ |
| ૪ | જયંતીલાલ પુલજીરામ રાવલની જુબાનીની ખરી નકલ | ૬૫ |
| ૫ | રણજીતસિંહ ડાલુસિંહ રાઠોડની જુબાનીની ખરી નકલ | ૬૬ |
| ૬ | રાજપુત છોટેલાલ શંભુસીંગના સમન્સની ખરી નકલ | ૬૭ |
| ૭ | પુનીયા બલબીરસીંગ હરભજનરામના સમન્સની ખરી નકલ | ૬૮ |
| ૮ | પુનીયા બલબીરસીંગ હરભજનરામના સમન્સની ખરી નકલ | ૬૯ |
| ૯ | પ્રતિવાદીઓનને મોકલેલ નોટીસની સ્થળ પ્રતની ખરી નકલ | ૭૦ |
| ૧૦ | રજી.એ.ડી.ની પાવતી નંબર ૫૨૧૫ની અસલ ખરી નકલ | ૭૧ |
| ૧૧ | રજી.એ.ડી.ની પાવતી નંબર ૫૨૧૫ની અસલ ખરી નકલ | ૭૨ |
| ૧૨ | યુ.પી.સી.ની પાવતીની ખરી નકલ | ૭૩ |
| ૧૩ | પ્રતિવાદી નંબર ૧ ને નોટીસ બજયાની એ.ડી.સ્લીપની ખરી નકલ | ૭૪ |
| ૧૪ | પ્રતિવાદી નંબર ૨ નાને મોકલેલ નોટીસ વગર બજે પરત આવેલ તે કવર | ૭૫ |
| ૧૫ | પ્રતિવાદી નંબર ૨ નાને મોકલેલ નોટીસ વગર બજે પરત | ૭૬ |

| | | |
|---|---|---|
| | આવેલ તે યુ.પી.સી.ના કવરની ખરી નકલ | |
| ૧૬ | પ્રતિવાદી નંબર ૨ નાને ફરીથી મોકલેલ નોટીસની ખરી નકલ | ૭૭ |
| ૧૭ | રજી.એ.ડી.ની પાવતી નંબર ૬૭૮૨ ની ખરી નકલ | ૭૮ |
| ૧૮ | યુ.પી.સી.ની પાવતીની ખરી નકલ | ૭૯ |
| ૧૯ | પ્રતિવાદી નંબર ૨ નાને મોકલેલ નોટીસ વગર બજે પરત આવેલ તે રજુ કવર | ૮૦ |

જયારે વાદી તરફે આંક ૮૫ થી કલોઝીગ પુરસીસ આપીને પોતાનો પુરાવો બંધ કરેલ હોવાનું જાહેર કરેલ છે.

(૮) પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી શીશપાલસીગ રાજેરામસીગની જુબાની | ૧૦૬ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નંબર ૧ ના ઈન્ટરનલ ઓડીટર બી.કે.અગ્રવાલ નો પત્ર અસલ | ૮૧ |
| ૨ | ક્રમાંક ૧ વાળા પત્ર સાથે શ્રી બી.કે.અગ્રવાલે મોકલેલ સ્ટેટ મેન્ટ અસલ | ૮૨ |
| ૩ | પ્રતિવાદી નંબર ૧ ની અમદાવાદ ઓફીસના મેનેજરે શ્રી બી.કે.અગ્રવાલને લખેલ પત્રની સ્થળપ્રત | ૮૩ |
| ૪ | પ્રતિવાદી નંબર ૧ ની અમદાવાદ ઓફીસેથી દિલ્હી ઓફીસને લખેલ પત્રની સ્થળપ્રત | ૮૪ |

(૯) જયારે વાદી તરફથી આંક ૧૧૧ થી તથા પ્રતિવાદીઓ તરફથી આંક ૧૧૨ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધી.

(૧૦) આ કામે આંક–૨૦ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદીઓ પાસેથી રુપિયા ૧૪,૮૯,૯૫૦/– મેળવવા હકકદાર થાય છે.

(૨) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, તેઓ વાદી પાસથી રુા.૧,૧૭,૦૦૦/ મેળવવવા માટે હકકદાર થાય છે ?

(૩) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, તેઓ રુા.૧,૧૭,૦૦૦/– ની રકમ ઉપર વાર્ષિક ૧૨% ના વ્યાજ મેળવવા હકકદાર થાય છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવા અરજી પેરા નંબર ૧૭ માં માગેલ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૫) શું પ્રતિવાદી નંબર ૧ પુરવાર કરે છે કે, તેઓ કાઉન્ટર કલેઈમ અરજ પેરા– ૩(એ) માં માગેલ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૬) શું હુકમ અને હુકમ નામું ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) નકારમાં
(૫) નકારમાં
(૬) આખરી હુકમ મુજબ

**// કારણો //**

**મુદ્દા નંબર ૧ :–**

(૧૨) આ કામે મુદ્દા નંબર ૧ પુરવાર કરવા માટે વાદી તરફે જાતે વાદી શર્મા મુકેશકુમાર કાશીરામનાઓએ આંક ૪૯ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ ફેબ્રુઆરી ૧૯૯૧ થી જુન ૧૯૯૫ દરમ્યાન સદર કામના પ્રતિ વાદી નંબર ૧ ની ઉંઝા મુકામે પાણીની ટાંકી પાસે આવેલ શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે તેમની ફરજ બજાવેલી છે. તેઓને બ્રાન્ચ મેનેજર તરીકે માસિક રુા.૧૮૫૦/– પગાર ચુકવવામાં આવતો હતો. તે અગાઉ એટલે કે, તારીખ ૧૦–૧૦–૧૯૮૮ થી તેઓ સદર પ્રતિવાદી નંબર ૧ ની

ઉપરોકત કંપનીમાં તેમની ફરજ પ્રમાણિકતાથી, પુરી ઈમાનદારીથી અને નિયમિત રીતે બજાવતા હતા. તેમ છતાં પ્રતિવાદી નંબર ૧નાએ ઈરાદા પુર્વક કોઈ અંગત તેમજ અગમ્ય કારણોસર વાદી પાસે દ્રેષભાવ રાખી તેમને યેન કેન પ્રકારે હેરાન પરેશાન કરી ખોટી રીતે પજવણી કરી માનસિક ત્રાસ આપતા હતા અને તે રીતે પ્રતિવાદી નંબર ૧ નાએ વાદી સાથે પક્ષપાત, પુર્વગ્રહ, ભેદભાવ તથા દ્રેષભાવ રાખી તા.૪–૪–૧૯૯૫ ના રોજ પત્રથી તાત્કાલીક અસરથી તેમની બદલી ઉંઝા ઓફીસમાંથી અમદાવાદ ઓફીસમાં કરેલી તથા સદર ઓફીસનો તમામ ચાર્જ જે તે વખતે પ્રતિ વાદી નંબર ૧ ની કંપનીના કર્મચારી શ્રી પુનીયા બલવીરસીંગ હરભજનરામને એટલે કે આ કામના પ્રતિવાદી નંબર ૨ ને સોપવાનો લેખિતમાં હુકમ કરેલો અને પ્રતિવાદી નંબર ૨ ને બ્રાન્ચ મેનેજર તરીકે મુકવામાં આવેલા.જેથી વાદી અમદાવાદ મુકામે ઓફીસે ગયેલ પરંતુ પ્રતિવાદી નંબર ૧ નાએ જે તે વખતે યેન કેન પ્રકારે બહાના કાઢીને તેમની ફરજ ઉપર હાજર થવા દીધેલા નહી અને ઓફીસ ઉપર હાજર થતા અટકાવેલા.બદલી માત્ર દેખાવ ખાતર જ અને કાગળ ઉપર જ કરેલી છે. ત્યારબાદ સદર પ્રતિ વાદી નંબર ૧ નાએ વાદી વિરુધ્ધ કીન્નાખોરીથી અને ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે ઈ.પી.કો.કલમ ૪૨૦,૪૦૮,૪૬૮ મુજબની ઉંઝા કોર્ટમાં તા.૧૫–૯–૧૯૯૫ ના રોજ ફરિયાદ કરેલી અને જેમાં પ્રતિવાદી નંબર ૧ ની કંપનીમાંથી રુપિયા ૧,૧૭,૦૦૦/– ની બ્રોકરે લખેલ ગ્રાહક સ્લીપમાં ભાવ કરતા ઉચ્ચ ભાવની સારી ચલણ લખીને તેમજ વધારાનો ભાવ ભરીને વધારાની રકમ બ્રોકર પાસેથી રોકડ સ્વરુપે સ્વિકારી તે બાબતે ખોટા વાઉચર કરી, ખોટા દસ્તાવેજ અને ખોટી રીતે ચલણ બનાવી છેતરપીડી કરવાના ઈરાદાથી ઉપરોકત રકમની ઉચાપત કર્યા અંગેની ફરિયાદ પ્રતિવાદી નંબર ૨ નાએ દાખલ કરેલ. જેનો નંબર ૪૩/૧૯૯૯ પડેલો જે નામદાર કોર્ટમાં ચાલી જતા તા.૧૮–૨–૨૦૦૬ ના રોજના હુકમથી વાદીને ઉપરોકત ગુનાઓ અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. સદરહું કેસમાં પ્રતિવાદી નંબર ૨ વિરુધ્ધ નીશાની ૧૩,૪૮ તથા ૫૦ થી નામદાર કોર્ટ મારફતે સાહેદ સમન્સ મોકલવામાં આવેલા પરંતુ તે સાહેદ સમન્સમાં ફરિયાદમાં જણાવેલ સરનામે સદર પ્રતિવાદી નંબર ૨ રહેતા નથી કે ચોકકસ સરનામું પણ નથી તે બાબતનો પોલીસે જે તે વખતે ફરિયાદમાં દર્શાવેલ સરનામાની આજુબાજુમાં રહેલ ઝુંપડપટ્ટી તથા રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ ટ્રાન્સપોર્ટની અને અન્ય ઓફીસોમાં તપાસ ખાતરી કરવા છતાં પ્રતિવાદી નંબર ૨ મળી આવેલ નથી તેમજ ઉપરોકત કામે નામદાર કોર્ટે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી સમન્સની બજવણી કરવા છતાં પ્રતિવાદી નંબર ૨ મળી આવેલ નહી અને તે રીતે પ્રતિવાદી નંબર ૧ નો વાદી વિરુધ્ધ ઉપરોકત ફરિયાદ દાખલ કરાવ્યા બાદ માત્ર ખોટા ધકકા ખવાડવી, ખોટા ખર્ચમાં ઉતારવાના બદ

ઈરાદાથી જ મુળ ફરિયાદી પુનીયા બલવીરસીંગ હરભજનરામ એટલે કે, આ કામના પ્રતિવાદી નંબર ૨ નાને ઉપરોકત ફરિયાદના કામે ઈરાદાપુર્વક નામદાર કોર્ટમાં હાજર રાખેલ નહી અને હાજર થવા દીધેલા નહી.ઉપરોકત ચીફ કેસ નંબર ૪૩/૯૯ ના કામે આંક ૧૨ થી સાહેદ શંભુદયાલસિંગ કનૈયાલાલ અગ્રવાલને તપાસવામાં આવેલ છે. જે સાહેદે પણ નામદાર કોર્ટ સમક્ષ ની તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, " આરોપીએ તેમની કંપનીમાં કોઈ ઉચાપત કરેલ છે કે કેમ તેની મને ખબર નથી. " વધુમાં આંક ૧૩ થી સાહેદ સાજીતસીંગ હાલોરસિંહ રાઠોડને તપાસવામાં આવેલ છે તેમજ આંક ૫૦ થી અગત્યના સાહેદ રાજપુત છોટેલાલ શભુસીંગને સાહેદ સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સમાં પણ દર્શાવેલ સરનામે તથા ઝુપડપટ્ટી તથા રેલવે સ્ટેશન રોડ પર આવેલ ટ્રાન્સપોર્ટમાં ખાતરી કરતા તે મળી આવેલા નથી તેવા પોલીસના શેરા સાથે સમન્સ પરત આવેલ તેમજ આંક ૫૨ થી નામદાર કોર્ટે તપાસ કરનાર અમલદાર શ્રી જયંતિલાલ તુલજારામ રાવલને તપાસેલા છે તેઓએ પણ જણાવેલ છે કે, " તેઓ એ આ કામે તપાસ દરમ્યાન કોઈ બ્રોકર કે ચલણ રજુ કરનાર વ્યકિતના કોઈ નિવેદનો પણ લીધેલા નથી. જેથી રેકર્ડ તપાસતા તે હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, પ્રતિવાદી નંબર ૧ નાએ વાદી વિરુઘ્ધ ઈરાદાપુર્વક કીન્નાખોરીથી ઈર્ષા ભાવથી ઉચાપત અંગેની ખોટી ફરિયાદ પ્રતિ વાદી નંબર ૨ મારફત દાખલ કરાવી ઈરાદા પુર્વક ફરિયાદી તથા સાહેદોને ફરિયાદમાં દર્શાવેલ સરનામે ધોડી લઈ નામદાર કોર્ટમાં હાજર નહી રાખી તેમજ પોલીસ તપાસ દરમ્યાન ઈરાદા પુર્વક અસલ દસ્તાવેજો રજુ નહી કરી, વાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરી ખોટા ખર્ચમાં ઉતારેલા છે તેમજ વાદી વિરુઘ્ધ ઉપર મુજબની ખોટી ફરિયાદ દાખલ કરાવી વાદીના સમાજમાં, મિત્ર વર્તુળમાં તેમજ વેપારી આલમમાં તેમની ઈજ્જત, આબરુ, પ્રતિષ્ઠાને હાની પહોચાડેલ છે તેમજ કિન્નાખોરી રાખી ઈરાદા પુર્વક માત્ર કાગળ ઉપર દેખાવ ખાતર જ તેમની બદલી ઉંઝાથી અમદાવાદ કરી અમદાવાદની ઓફીસે યેન કેન પ્રકારે હાજર નહી થવા દઈ હેરાન પરેશાન કરેલ.જેથી વાદીને ફરજના ચડત પગારની રકમ,બોનસ તથા અન્ય મળવા પાત્ર ભથ્થાની રકમ નહી આપીને તેઓને નુકશાન કરેલ તેમજ બન્ને પ્રતિવાદીઓ વ્યકિતગત અને સંયુકત રીતે ચીફ કોર્ટમાં ફોજદારી કેસ નંબર ૪૩/૯૯ ના કામે તેઓને થયેલ ખર્ચ, વકીલ ફી, માનસિક ત્રાસ અંગેની જે તે નુકશાની વળતરની રકમ તેમજ ઉપરોકત ફરિયાદના કારણે તેમના સમાજમાં, મિત્ર વર્તુળમાં, વેપારી આલમમાં રહેલ તેમની ઈજ્જત આબરુ, પ્રતિષ્ઠા ને પણ હાની પહોચે તેમ છે તેમજ માનસિક ત્રાસ, ખર્ચની નુકશાની વળતરની રકમ મેળવવા

સારુ દાવો કરેલો છે અને જે અંગે વાદીએ આ કામે આંક ૬૨ થી આંક ૮૦ સુધીના દસ્તાવેજો કોર્ટમાં રજુ કરેલ છે. જેથી હાલની દાવા અજી વાદીએ કરેલી છે.

વાદીની ઉલટતપાસ પ્રતિવાદીઓના વિદવાન વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,મેનેજર પગારદાર કર્મચારી હોય છે. વાદી યુ.પી.ગુજરાત રોડવેઝ ના નામે ઉંઝા મુકામે ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે અને તેમની જુદી જુદી જગ્યાએ બ્રાન્ચ ઓફીસ આવેલ છે. કાનપુર મુકામે તેમની બ્રાન્ચ આવેલી છે અને તેઓએ ૧૯૯૫–૯૬ માં શરુ કરેલ. ૧૯૯૧ થી જુન–૧૯૯૫ સુધી ઉંઝા મુકામે મેનેજર તરીકે નોકરી કરતા હતા અને માસિક રુા.૧૮૫૦/– પગાર વત્તા ઘરભાડુ મળતુ હતુ. તેમની નોકરી બદલી પાત્ર હતી અને તેમની બદલી અમદાવાદ મુકામે તા.૪–૪–૧૯૯૫ ના રોજ પ્રતિવાદી નંબર ૧નાએ રેલ અને તેમનો ચાર્જ પ્રતિવાદી નંબર ૨ ને સોપવા જણાવેલ. તેઓ અમદાવાદ બ્રાન્ચમાં ચાર વખત હાજર થયેલ, હાજર થવા તેઓએ લેખિત રીપોર્ટ આપેલો નહી અને તેમને રુબરુમાં બે ચાર દિવસ પછી હાજર થવા સુચના આપેલ. તેઓએ હેડ ઓફીસમાં આ અંગે કોઈ જાણ કરેલી નહી કે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલી નહી. શંભુદયાલસીગ કનૈયાલાલ કંપનીના ભાડાના મકાનના માલીક છે. ફોજદારી કેસના ખર્ચનો કોઈ આધાર નથી. માનસિક ત્રાસ અને માનહાની સંબંધે થયેલ ખર્ચનો કોઈ લેખિત આધાર રજુ કરેલ નથી. કંપનીએ તેમના વિરુઘ્ધ ઉચાપત અંગે ની ફરિયાદ ઉંઝા પોલીસ સ્ટેશનમાં કરેલ, જે અંગેનો કેસ મહેસાણા કોર્ટમાં ચાલેલો.

(૧૩) આ કામે પ્રતિવાદી તરફે આંક ૧૦૬ થી શીશપાલસીઘ રાજેરામ સીઘની સોગંદ ઉપરની જુબાની રજુ કરવામાં આવેલ છે. તે પછી બે મુદત પડેલ છે અને પ્રતિવાદીઓની ઉપર કોસ્ટનો હુકમ કરવામાં આવેલ છે તેમ છતાં તા.૧૮–૧૨–૧૭ ના રોજ તેમના સાહેદ હાજર રહેલા ન હોઈ એ કોસ્ટની રકમ ભરેલ ન હોઈ જેથી પ્રતિવાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને તે પછી પ્રતિવાદીએ આંક ૧૧૨ થી લેખિત દલીલો રજુ કરલ છે. જેથી આંક ૧૦૬ થી આપેલ સર તપાસના સોગંદનામાની ઉલટતપાસ પ્રતિવાદીઓની કસુરના કારણે થઈ શકેલ નથી. જેથી તેમા લખેલ હકીકતોની ખરાઈ થઈ શકેલ નથી. કારણ કે ઉલટતપાસ થયેલ નથી. જેથી આંક ૧૦૬ ની સોગંદ ઉપરની સર તપાસ કાયદાની દ્રષ્ટ્રિએ કોઈ મુલ્ય નથી.

(૧૪) બન્ને પક્ષકારોની દલીલો, હકીકતો, દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા જણાઈ આવે છે કે, આ કામના વાદીએ પ્રતિવાદી નંબર ૧ ના ત્યાં ઉંઝા બ્રાન્ચમાં બ્રાન્ચ મેનેજર તરીકે ૧૯૯૧ થી ૧૯૯૫ સુધી નોકરી કરેલી છે તે પછી પ્રતિવાદી નંબર ૧ ધ્વારા વાદી ઉપર રુપિયા ૧,૧૭,૦૦૦/–ની ઉચાપતની ફરિયાદ કરવામાં આવેલી છે જે ફરિયાદ ૪૩/૯૯ ની કોર્ટમાં ચાલી જતા તે કેસમાં વાદીને છોડી મુકેલ છે. જેના લીધે વાદી ઉપર થયેલ ફરિયાદ તથા તેમની બદલી અમદાવાદ મુકામે થવાના કારણે તેમને ત્યાં હાજર નહી થવા દેવાના કારણે વાદીએ હાલનો દાવો કરેલો છે તેની જગ્યાએ પ્રતિવાદીઓ તરફે દલીલ છે કે, વાદીએ તેમની કંપનીમાં ઉચાપત કરેલી છે અને તે અંગે કેસ કરવામાં આવેલ પરંતુ પ્રોસીકયુશન તરફે યોગ્ય રીતે કેસને ચલાવવામાં આવેલ નહી જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવામાં આવેલ છે. આરોપી કોઈ મેરીટસ ઉપર કેસમાંથી છુટેલા નથ. વધુમાં રુા.૧,૧૭,૦૦૦/– ની ઉચાપત કર્યા અંગેનો કાઉન્ટર કલેઈમ પ્રતિવાદી ધ્વારા કરવામા આવેલ છે તેવી માંગણી પ્રતિવાદીએ કરેલ છે અને જે અંગે વાદીએ તેનો ઈન્કાર કરેલ છે.

(૧૫) આ કામે રજુ થયેલ દાવો તથા કાઉન્ટર કલેઈમ પુરવાર કરવાની જવાબદારી વાદી અને પ્રતિવાદીના શીરે ક્રમાનુસાર છે. વાદીનો પુરાવો ધ્યાને લેતા તે સ્પષ્ટ થાય છે કે આ કામે વાદીએ પોતાના સિવાય બીજા કોઈ સાહેદને તપાસેલા નથી. વાદીએ વિદવાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસશ્રીની કોર્ટ, મહેસાણાના કેસ નંબર ૪૩/૯૯ ના ઠરાવની ખરી નકલ આ કામે આંક ૬૩ થી રજુ કરેલ છે. સદર ચુકાદાના પેરા–૫ માં નામદાર જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટે ઠરાવેલ છે કે, " આમ એ સ્વિકૃત્ત હકીકત છે કે, આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાઓ સબબ ફરિયાદ દાખલ થયેલી છે પરંતુ આ કામે મહત્વના સાહેદ છોટાલાલ શંભુભાઈ અને ફરિયાદીના પુરાવાના અભાવે અને તેવા પુરાવાની ગેરહાજરીમાં તેમજ આ કામે જે ત.ક.અમલદાર છે તેઓની ઉલટતપાસ અને સર તપાસ જોતાં આ કામે કોઈ અસલ દસ્તાવેજો કબજે લીધા નથી. તેટલું જ નહી કોઈ બ્રોકર્સ કે ચલણ રજુ કરનારાઓના કોઈ નિવેદન લીધા નથી. આમ મહત્વના અને અગત્યના દસ્તાવેજી પુરાવાઓનું આ કામે કોઈ રેકર્ડ રજુ કરેલ નથી અને તેથી પણ આક્ષેપિત ગુનાઓ સાથે આરોપીને સાંકળતી કોઈ કડી પ્રાપ્ત થતી નથી અને તે સંજોગોમાં મુદ્દા નંબર ૧ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જતો હોઈ તેનો જવાબ નકારમાં આપી આરોપીને દોષમુકત ઠરાવી છોડી મુકવાનો મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે. " જેથી સ્પષ્ટ છે કે, આ કામે મુખ્ય સાહેદો

ન તપાસેલા હોવાના કારણે અને તપાસ કરનાર અમલદાર શ્રી ધ્વારા મહત્વના દસ્તાવેજો રજુ કરેલ નહી હોવાના કારણે તેનો લાભ આરોપીને / આ કામના વાદીને મળેલ છે અને જેના લીધે વાદી નિર્દોષ છુટેલા છે. સદરહું ચુકાદામાં તેમ ઠરાવેલ નથી કે વાદી વિરુધ્ધ ખોટો કેસ કરવામાં આવેલ છે. વાદી તરફે આ કામે અન્ય કઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં વાદી તરફે જણાવવામાં આવેલ છે કે, તેમની બદલી ઉંઝા થી અમદાવાદ મુકામે કરવામાં આવેલ પરંતુ ત્યાં તેમને હાજર થવા દેવામાં આવેલ નહી તે સંદર્ભે ધ્યાને લઈએ તો વાદીએ આ કામે ઉલટતપાસમાં જાતે કબુલ કરેલ છે કે, તેઓએ હાજર થવા અંગે હાજર રીપોર્ટ આપેલ નહી અને તેમને રુબરુમાં બે ચાર દિવસ પછી હાજર થવા સુચના આપેલી. જેની જાણ તેઓએ હેડ ઓફીસને કરેલી નહી કે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલી નહી. જેથી સ્પષ્ટ છે કે, વાદીએ જે હકીકત તેમને હાજર થવા અંગેની જણાવેલી છે તે અંગે તેમનો કેસ કોજન્ટ પુરાવાથી પુરવાર થઈ શકે તેવા દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. વધુમાં લેખિત રીપોર્ટ અમદાવાદની ઓફીસમાં નહી આપી અને તેમની હેડ ઓફીસને નહી જાણ કરી ને તેઓએ સ્વિકારેલ છે કે, તેઓએ કોઈ કાર્યવાહી કરેલી નથી. જેથી આ સંદર્ભે વાદી સત્ય હકીકત બોલતા હોય તેવુ પુરવાર થઈ શકતુ નથી. વધુમાં વાદીએ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તેમને માનસિક ત્રાસ, માનહાની સંબંધે થયેલ ખર્ચનો લેખિત આધાર રજુ કરેલ નથી. આમ ઉપરોકત તમામ હકીકતો, સંજોગો, જુબાનીઓ ધ્યાને લેતા પુરવાર થતુ નથી કે પ્રતિવાદીઓ એ આરોપી વિરુધ્ધ ખોટો ફોજદારી કેસ નંબર ૪૩/૯૯ દાખલ કરેલ છે. મુદ્દા નંબર ૧ પુરવાર કરવાની જવાબદારી વાદીની છે. ફોજદારી કેસમાં બીયોન્ડ રીઝનેબલ ડાઉટ કેસ પુરવાર કરવાનો હોય છે અને સિવિલ કેસમાં પુરવાર કરવા માટે સ્ટ્રોંગ પ્રોબેબીલીટીની જરુરીયાત હોય છે. વાદી તરફે જણાવવામાં આવેલ છે કે, પ્રતિવાદીઓએ સાહેદોને જાણી જોઈને હાજર રાખેલા નથી અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તે અંગે ધ્યાને લઈએ તો ફોજદારી કેસમાં પુરાવો રજુ કરવાની ફરજ સરકારશ્રીની છે અને તપાસ કરનાર અમલદાર ચાર્જશીટ દાખલ કરે છે. જેથી પુરાવાને પ્રતિવાદીઓએ કોઈ અસર પહોચાડેલ હોય તેવું શકય નથી. વધુમાં આ કામે પ્રતિવાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ભોગીલાલ વિઠૃલદાસ સંઘાણી વિરુધ્ધ સરોજબેન ધીરજલાલ રાણપુરાનો ૧૯૭૯ (૧) જીએલઆર–૧૯૮૭નો પાન નંબર ૧૯૭૯ પર પ્રસિધ્ધ થયેલ છે તે રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે જે આ કામે લાગુ પડે છે અને તેમાં પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને લેવામાં આવેલ છે.આમ,આ કામે ઉપરોકત કરેલ ચર્ચામાં વાદી પુરવાર કરી શકેલ

નથી કે પ્રતિવાદીઓની કસુરના કારણે પ્રતિવાદીઓ પાસેથી રુા.૧૪,૮૯,૯૫૦/– વાદી મેળવવા હકકદાર છે. જેથી મુદ્દા નંબર ૧ નો ઉત્તર નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૨ :–</u>**

(૧૬) આ કામે પ્રતિવાદી નંબર ૧ નાએ આંક ૧૫ થી લેખિત જવાબ રજુ કરેલ છે અને તે લેખિત જવાબમાં કાઉન્ટર કલેઈમ પણ કરીને રુા.૧,૧૭,૦૦૦/– ની માંગણી કરેલી છે જ અંગે પુરાવો ઘ્યાને લેતા આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદી તરફે આંક ૧૦૬ થી શીશપાલસીધ રાજારામ સીધની સોગંદ ઉપરની સર તપાસ કોર્ટમાં રજુ કરેલ છે પરંતુ ઉલટ તપાસ માટે તેમને હાજર રાખેલ નથી. જેથી તે હકીકત મૌખિક પુરાવાથી પ્રતિવાદી પુરવાર કરી શકેલ નથી. પ્રતિવાદી તરફે આંક ૮૧ થી આંક ૮૪ સુધીના દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલા છે પણ તે પુરવાર કરવા કોઈ સાહેદોને હાજર રાખેલા ન હોઈ અથવા તે દસ્તાવેજો સાચા છે કે ખોટા છે તેના માટે ઉલટતપાસ થઈ શકેલ ન હોઈ સદર દસ્તાવેજો ઉપર આધાર રાખી શકાય તેમ નથી.જેથી માનવામાં આવે છે કે, આ મુદ્દો પુરવાર કરવામાં પ્રતિવાદી તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને જેથી મુદ્દા નંબર ૨ નો ઉત્તર નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૩ :–</u>**

(૧૭) આ કામે પ્રતિવાદીઓ મુદ્દા નંબર ૨ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે જયારે તેઓ રુા.૧,૧૭,૦૦૦/– મેળવવા માટે હકકદાર છે તેવું પુરવાર કરી શકેલ ન હોય ત્યારે માનવામાં આવે છે કે, તેના ઉપર વ્યાજની રકમ પણ મેળવવા માટે તેઓ હકકદાર નથી. જેથી આ મુદ્દો પ્રતિવાદી પુરવાર કરી શકેલ ન હોઈ મુદ્દા નંબર ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૪ :–</u>**

(૧૮) આ કામે વાદી કોજન્ટ પુરાવાથી મુદ્દા નંબર ૧ પુરવાર કરી શકેલ નથી. જેથી માનવામાં આવે છે કે, વાદી તે પુરવાર કરી શકેલ નથી કે તેઓ પ્રતિવાદીઓ પાસેથી નુકશાની વળતરના રુા.૧૪,૮૯,૯૫૦/– મેળવવા હકકદાર છે અને આ મુદ્દા નંબર ૧ સાથે સંકળાયેલ હોઈ જેથી મુદ્દા નંબર ૪ નો ઉત્તર પણ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૫ :–</u>**

(૧૯) આ કામે પ્રતિવાદીઓ મુદ્દા નંબર ૨ અને ૩ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ મુદ્દો સદરહું મુદ્દાઓ સાથે સંકળાયેલ છે અને સદરહું મુદ્દાનો ઉત્તર હાલના કામે નકારમાં આપેલ હોઈ જેથી આ મુદ્દાનો જવાબ પણ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૬ :–</u>**

(૨૦) ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદ્દા નંબર ૬ નો ઉત્તર નીચે મુજબ આખરી હુકમમાં આપવામાં આવે છે.

**<u>// હુ ક મ //</u>**

– આ કામના વાદીની દાવા અરજી અને પ્રતિવાદીનો કાઉન્ટર કલેઈમ આથી નામંજુર કરવામાં આવે છે.

– હુકમ મુજબ હુકમનામું દોરવું.

– આ દાવાનો ખર્ચ વાદી અને પ્રતિવાદીએ પોત પોતાનો ભોગવવો.

– ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૦૮ માહે મે સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૮–૦૫–૨૦૧૮
વિસનગર.

(રંજન ધ્રુવકુમાર પાન્ડે)
CODE–GJ00813
મુખ્ય સીની.સિવિલ જજ,
વિસનગર.